सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-Mail : amrelideo@gmail.com
Website : https://deoamreli.com


150 YEARS OF CELEBRATING THE MAHATMA

પરિપત્ર નં.....૨૬૪.......... અગત્યનું/તાત્કાલિક

ક્રમાંક:માધ્ય/ફાજલ/સમાવેશ/૨૦૧૯-૨૦/ તા.૧૭/૧૦/૨૦૧૯

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ તમામ,
જિ.અમરેલી.

વિષય : માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વર્ગ ઘટાડા/મળવાપાત્ર મહેકમ કરતા વધુ મહેકમ ધરાવતી શાળાનાં ફાજલ થયેલ શિક્ષક ને અન્યત્ર સમાવવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જુન-૨૦૧૯ થી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાનાં કારણે કેટલીક શાળાઓમાં વર્ગ ઘટાડા થવાને કારણે અને મળવાપાત્ર મહેકમ કરતા વધુ મહેકમ ધરાવતી શાળાના ફાજલ થયેલ શિક્ષક ને જિલ્લાની અન્ય શાળામાં સમાવવાના આદેશ અત્રેથી થયેલ છે, તેવા તમામ ફાજલ કર્મચારીઓને તે શાળાએ ફાળવેલ શાળામાં હાજર થવા માટે તાત્કાલિક છુટા કરી દેવા અને ફાજલ કર્મચારીને જે શાળામાં સમાવવા આદેશ કરવામાં આવેલ છે.તેવી શાળાઓએ આવા ફાજલ કર્મચારીને શાળામાં તાત્કાલિક હાજર કરી દેવાના રહેશે.જો તેમ કરવામાં કસુર થશે તો,ફાજલ કર્મચારીને કામ સિવાય વેતન ચુકવવાના કારણે ફાજલ કર્મચારી જે તારીખે સમાવેશ કરેલ શાળામાં હાજર થવા આવે તે તારીખ થીં જ્યાં સુધી શાળામાં હાજર કરવામાં ન આવે ત્યાં સુધીનો ચુકવવામાં આવનાર તમામ પગાર ખર્ચની રકમ શાળાને મળવા પાત્ર ગ્રાન્ટ માંથી વસુલ કરવામાં આવશે.તેમજ આ કચેરીના આદેશના અનાદર સબબ ગ્રાન્ટ ઇન એઇડ કોડ નાં નિયમો ૯૫ ની જોગવાઈ અન્વયે શાળાને સને ૨૦૧૯-૨૦ નાં વર્ષમાં મળવા પાત્ર તમામ ગ્રાન્ટ પર ૨૫% ગ્રાન્ટ કાપવામાં આવશે.

શાળાએ ફાજલ કર્મચારીને છુટા કર્યા બાદ જો કોઈ ફાજલ કર્મચારી સમાવેલ શાળામાં હાજર નહી થાય તો શિક્ષણ વિભાગના તા.૨૧/૦૫/૧૯૯૪ નાં ઠરાવ ને જોગવાઈ મુજબ ફાજલ નું રક્ષણ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

Scanned with CamScanner